# अनेकान्त-विभूतिः।

[ द्वात्रिंशिका ]

卐

—न्यायविजयः।

# अनेकान्त-विभूतिः।

[ द्वात्रिंशिका ]

न्यायविशारद—न्यायतीर्थ मुनिराज—

**श्रीन्यायविजयविरचिता।**

**स्वोपज्ञ ' गुर्जर ' भाषानुवाद—सहिता।**

वीरसं. २४५७ धर्मसं. ९ वि.सं. १९८७

**ज्येष्ठ-शुक्ल—प्रतिपत्।**

प्रति—संख्या १०००

:: प्रकाशक ::
श्रीजैनयुवकसंघ,
घडीयाली पोल, वडोदरा ।

આર્થિક સહાયક—
શાહ વીરચંદ રાયચંદ બારડોલી, તેમની
સદ્‌ગત ધર્મપત્ની બાઇ સુરજના
પુણ્યસ્મરણાર્થે.

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ મૂળચંદભાઇ ત્રીકમલાલે છાપ્યું.
પાનકોર નાકા :: અમદાવાદ.

## आदिम उद्गारः ।

क्व सिद्धसेनस्तुतयः
क्व हेमाचार्य-सूक्तयः ।
यशोविजयवाचः क्व
क्वेदं मे बाल-चापलम् ! ॥

तथापि श्रद्धामुग्धस्य
निर्गता मे हृदूर्मयः ।
भगवच्चरणाभ्यर्णे
न हि यास्यन्ति निष्फलाः ॥

सर्वे माध्यस्थ्यमास्थाय
साधवश्च विशेषतः ।
सकृदेतद् विलोकेर-
न्निति नम्रस्य मेऽर्थना ॥

—સિદ્ધસેનની સ્તુતિઓ ક્યાં? હેમચન્દ્રની સૂક્તિઓ ક્યાં? યશોવિજયજીની વાણી ક્યાં? અને આ મારૂં બાલ-ચાપલ ક્યાં?

—તથાપિ, ભગવન્તના ચરણ-સમીપે શ્રદ્ધા-મુગ્ધ ભાવે નિકળેલી મારી હૃદયોર્મિઓ નિષ્ફળ નહિ જાય.—

—બધા અને ખાસ કરી સાધુ-જનો માધ્યસ્થ્ય-વૃત્તિથી એકવાર આને અવલોકી જાય એમ મારી નમ્ર પ્રાર્થના છે.

# વિષય–સૂચન.

શ્લોક અને તેના ગુજરાતી અર્થનો


| નંબર. | વિષય. |
| --- | --- |
| ૧ ... ... | જ્યોતિર્નમન. |
| ૨ ... ... | ભગવાનનો પરોપકાર. |
| ૩ ... ... | ભગવાનનું વિશ્વોપકારી આસન. |
| ૪ ... ... | ભગવાનનું સુધા–સિંચન. |
| ૫ ... ... | સ્યાદ્વાદની સમજ. |
| ૬ ... ... | જગતના આપ્તોમાં મુખ્ય કોણ ? |
| ૭ ... ... | નિત્યાનિત્યવાદોનાં સમાધાન. |
| ૮ ... ... | સદસત્પ્રવાદની યોજના. |
| ૯ ... ... | દ્વૈતાદ્વૈતની સંગતિ. |
| ૧૦ ... ... | અવતારવાદ. |
| ૧૧ ... ... | કર્તૃત્વવાદ. |
| ૧૨ ... ... | સાકાર–નિરાકારવાદ. |
| ૧૩ ... ... | વિભુત્વવાદ. |
| ૧૪ ... ... | શૂન્ય અને ક્ષણિકવાદ. |
| ૧૫–૧૬–૧૭–૧૮ ... | દિગમ્બર–શ્વેતામ્બરવાદ |
| ૧૯ ... ... | સ્ત્રીસ્વાતન્ત્ર્ય. |
| ૨૦ ... ... | શૂદ્રાધિકાર. |

| | | |
|---|---|---|
| ૨૧ | ... ... | શૂદ્રોદ્ધાર અને ભગવાનના શ્રાવકોમાં કૃષકાદિનું પ્રાધાન્ય. |
| ૨૨–૨૩–૨૪ | ... | મૂર્તિવાદ. |
| ૨૫ | ... ... | ક્રિયાકાંડના ઝઘડા શાને ? |
| ૨૬ | ... ... | સાધન–ધર્મોનું વૈવિધ્ય. |
| ૨૭ | ... ... | સાધનનો હઠ અસ્થાને. શુદ્ધ સાધન ઉપયોગી અને અશુદ્ધ સાધનનો ત્યાગ. |
| ૨૮ | ... ... | સમજણમાં અને આચરણમાં અનેકાન્ત–નીતિનું અવતારણ. |
| ૨૯ | ... ... | મહાવીર ભગવાન્ જિન, બુદ્ધ, વિષ્ણુ અને શિવ છે. |
| ૩૦ | ... ... | ભગવાને વાડાબંદીનું કામ નથી કર્યું, પણ વિશ્વધર્મ પ્રકાશ્યો છે. |
| ૩૧ | ... ... | વીતરાગ છતાં ભગવાનની ધર્મ–પ્રવચનની પ્રવૃત્તિ ! |
| ૩૨ | ... ... | ભગવાનની મહાન્ સમવૃત્તિ અને પરમ વિભૂતિ, તથા અન્તિમ આશીર્વાદ. |

# अनेकान्त-विभूतिः

## द्वात्रिंशिका ।

( १ )

महातपःसाधनतोऽवधूय
रजः समग्रं भवचक्रवाहि- ।
परं महः प्रादुरबीभवो यद्-
नमोऽस्तु तस्मै जगदीश ! वीर ! ॥

( २ )

तस्मिन् परे तेजसि भासमानेऽ-
नेकान्ततत्त्वं महदस्फुरद् यत्- ।
प्ररूपणं लोकहिताय तस्य
परोपकारः सुमहानयं ते ॥

( ३ )

एकान्तदुर्नीतिमहामयार्त्त-
प्रजापुरस्तादुपढौकनेन- ।
स्वामिन्ननेकान्तमहौषधस्य
*विश्वोपकार्य्यासनमागतोऽसि ॥

---

*विश्वोपकारि=आसनम् । विश्वमुपकार्यं यत्र तथाविधं वा आसनम् ।

(१)

મહાન્ તપના સાધનથી સંસારચક્રસંચાલક એવું તમામ રજ ખંખેરી નાંખીને જે પરમજ્યોતિ તેં તારી અન્દર પ્રગટાવી છે તેને હે વીર! હે જગદીશ! મારાં નમન છે.

(૨)

તે પરમ પ્રકાશમાન તેજની અંદર જે મહાન્ અનેકાન્તતત્ત્વ સ્ફુર્યું છે તેનું લોકહિત માટે તારૂં નિરૂપણ કરવું એ તારો જગત્ ઉપર બહુ મ્હોટો ઉપકાર છે.

(૩)

એકાન્તદુર્નીતિરૂપ મહારોગમાં સપડાયેલ પ્રજા આગળ હે સ્વામિન્! અનેકાન્તદર્શનરૂપ મહાન્ ઓષધ મૂકવાથી 'વિશ્વોપકારી' તરીકેના આસન પર તું વિરાજમાન થયો છે.

( ४ )

मताग्रहोन्मत्तविरोधवात-
प्रचारसन्तप्तजगत्प्रजासु- ।
व्यथा अनेकान्त-सुधानिषेकं
शमस्य पन्थाः परमाद्भुतस्ते ॥

( ५ )

*अदोऽप्यपेक्षानयतो विमर्शः
समन्वयालोचनतो विवेकः ।
स्याद्वाद एष त्वदुपज्ञ उक्तोऽ-
नेकान्त-नामान्तर आप्तनाथ ! ॥

( ६ )

प्रशान्तवाही समभावमूलं
स साम्यवादोऽपि सतां प्रसिद्धः ।
सम्प्रोच्य सिद्धान्तमिमं महान्त-
माप्तेषु मुख्यो जगतां मतोऽसि ॥

* अदोषी ।

(४)

મતાગ્રહ—હઠવાદ—જનિત ઉન્માદી કલહોના ઉષ્ણ વાતાવરણથી સન્તપ્ત બનેલ જગત્‌ની પ્રજા પર તેં અનેકાન્તદર્શનરૂપ અમૃતનું સિંચન કર્યું છે. પ્રભુ ! શાંતિ પમાડવાનો તારો માર્ગ ખૂબ અદ્દભુત છે.

(૫)

હે વિશ્વ—હિતૈષિન્ ! અપેક્ષાદૃષ્ટિથી યથાસ્થિત વિચારણા, સમન્વયદૃષ્ટિએ વિવેક એ તારો પ્રકાશેલ ઉચ્ચ સિદ્ધાન્ત ‘ સ્યાદ્વાદ ’ છે. જેનું બીજું નામ અનેકાન્તવાદ છે.

(૬)

એ સિદ્ધાન્તવાદ શાન્ત વાતાવરણ ઉપજાવનાર છે અને એથીજ એ સમભાવનું મૂળ છે. એટલા માટે સન્તો એને ‘ સામ્યવાદ ’ પણ કહે છે. આ મહાન્ સિદ્ધાન્તનું પ્રવચન કરવા વડે જગત્‌ના આપ્તોમાં તારૂં મુખ્ય સ્થાન ગવાયું છે.

( ७ )

मूलप्रकृत्या यदिहास्ति नित्यं
तदेव पर्यायवशादनित्यम् ।
इत्थं विविच्याऽऽदधतः समाधिं
विवादिनां कौशलमुत्तमं ते ॥

( ८ )

स्वरूपतो वस्तु समास्ति यत् सत्
भवेदसत् तत् पररूपतस्तु ।
इत्थं त्वदीयं सदसत्प्रवादं
निशम्य को दार्शनिको न तुष्येत्! ॥

( ९ )

द्वैतं यथार्थं जड-चेतनाभ्या-
मद्वैतमात्मस्थितिदृष्टिभेदात् ।
इत्थं द्वयं तत् पटु संगमय्य
शान्तस्त्वया तारक! तद्विरोधः ॥

(૭)

મૂલ પ્રકૃતિ (દ્રવ્ય) થી જે નિત્ય છે તેજ પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે. આમ વિવેચન કરીને વિવાદીઓનું સમાધાન કરનાર તારૂં કૌશલ ઉત્તમ છે.

(૮)

સ્વરૂપથી જે વસ્તુ 'સત્' છે તે પરરૂપથી અસત પણ છે. આમ તારા સદસદ્વાદને સાંભળી કોણ દાર્શનિક ખુશ નહિ થાય !

(૯)

જગત્ જડ અને ચેતન એમ બે તત્ત્વરૂપ હોઈ 'દ્વૈતવાદ' યથાર્થ છે. તેમજ આત્મભાવની ઉચ્ચ દૃષ્ટિએ 'અદ્વૈતવાદ' પણ યથાર્થ છે. આમ, એ બન્નેની કુશલ સંગતિ કરીને, હે તારક! તેમનો વિરોધ તેં શાન્ત કરી દીધો છે.

( १० )

मुक्तस्य भूयो न भवावतारो
मुक्ति-व्यवस्था न भवावतारे ।
उत्कृष्टजन्मान उदारकार्यै-
र्महावतारा उदिता महान्तः ॥

( ११ )

सोपाधिरात्मा जगति प्रवृत्तोऽ-
नुपाधिरात्मा न वहेदुपाधिम् ।
एवं हि कर्तृत्वमकर्तृतां चाऽऽ
श्रित्योद्भवन्तः कलहा अपेयुः ॥

( १२ )

साकारभावे सशरीरतायां
निराकृतित्वे च विदेहतायाम्- ।
संगच्छमाने परमेश्वरस्य
सर्वज्ञदेवस्य न संविरोधः ॥

(૧૦)

મુક્તિ પામ્યા પછી મુક્ત આત્માનું પુનઃ સંસારમાં અવતરણ થતું નથી. સંસારમાં પુનરવતાર માનવામાં મુક્તિની વ્યવસ્થા રહેશે નહિ. મહાન્ પુરૂષોનો જન્મ મહાન્ કાર્યો કરવા વડે મહાન્ ગણાય છે. અને એથીજ, અવતારનો અર્થ 'જન્મ' હોઇ તેઓ મહાન્ અવતારી ગણાય છે.

(૧૧)

ઉપાધિવાળો આત્મા જગત્માં પ્રવૃત્તિ કરે છે. ઉપાધિરહિત વિશુદ્ધ સચ્ચિદાનન્દમય આત્માને ઉપાધિ ઉઠાવવાનું અઘટિત છે. આમ, કર્તૃત્વ અને અકર્તૃત્વવાદને આશ્રીને ઉભા થતા કલહો શમી જાય છે.

(૧૨)

ભગવાન્ પરમેશ્વર સર્વજ્ઞદેવનું શરીરધારી અવસ્થામાં સાકારપણું અને વિદેહદશામાં નિરાકાર-પણું એમ એ બન્ને સંગત હોઇ તેમાં વિરોધને અવકાશ નથી.

( १३ )

शरीरमानोऽस्ति शरीरधारी
विभुः पुनर्ज्ञानविभुत्वयोगात् ।
इत्थं बुधोऽवैभव-वैभवस्य
समन्वयं सत्कुरुते त्वदीयम् ॥

( १४ )

भवावटे किंचन नास्ति सार-
मिति प्रबुद्धो निजगाद शून्यम् ।
विनश्वरं च क्षणिकं तदेवं
ज्ञात्वाऽऽशयं कः कुरुतां विरोधम् ! ॥

( १५ )

दिगम्बरा नाम दिगम्बरत्वे
सिताम्बरा नाम सिताम्बरत्वे- ।
एकान्ततो मुक्तिपदं वदन्ति
वैरायमाणाश्च मिथो भवन्ति ॥

(૧૩)

શરીરધારી આત્મા શરીરપ્રમાણુ છે. અને જ્ઞાનશક્તિની વ્યાપકતાના યોગે વળી તે 'વિભુ' છે. આમ તારા વિભુત્વ–અવિભુત્વના સમન્વયને સુજ્ઞ સત્કારે છે.

(૧૪)

સંસારના ખાડામાં કંઇ સારભૂત નથી એમ સમજી જનારે 'શૂન્ય' કથન કર્યું છે. અને, વિનશ્વર સમજનારે 'ક્ષણિક' ઉચ્ચાર્યું છે. આ પ્રમાણે આશય સમજતાં કોણ વિરોધ કરે !

(૧૫)

'દિગમ્બરો' દિગમ્બરપણામાં અને 'સિતામ્બરો' સિતામ્બરપણામાં એકાન્તપણે મુક્તિ કથે છે. અને અરસપરસ વૈર–વિરોધ ચલાવે છે.

( १६ )

परस्परेर्ष्याकलुषीभवन्त-
स्ते शान्तिमाधाय विचारयेयुः- ।
त्वन्नीतिसिद्धान्तदिशा महेश !
सद्यः समाधिं शमदं लभेरन् ॥

( १७ )

कषायमुक्ताववगत्य मुक्तिं
बुद्ध्वाऽप्यनासक्ति-समर्थयोगम्- ।
ज्ञात्वा क्रमं साधनसंश्रयं च
को नाम निन्दिष्यति वस्त्रवादम् ! ॥

( १८ )

न मुक्तिसंसाधनयोगमार्गो
वस्त्राद् विना न्यूनदशो यदि स्यात्- ।
नग्नो विमुच्येत कथं न तर्हि ?
सतामनेकान्त-विचारणेयम् ॥

(१६)

પરસ્પર ઇર્ષ્યાથી કલુષિત બની રહેલા તેઓ જો શાંતિથી, તારા નીતિ-સિદ્ધાન્તની રીતે વિચાર કરે તો હે મહેશ્વર ! તેઓનું તત્કાળ શાંતિકારક સમાધાન થઈ જાય.

(૧૭)

કષાયમુક્તિમાં 'મુક્તિ' જાણ્યા પછી, 'અનાસક્તિ' યોગનું સામર્થ્ય સમજ્યા પછી અને સાધન-માર્ગના ક્રમનું ભાન કર્યા પછી કોણ 'વસ્ત્રવાદ'-ને વખોડે !

(૧૮)

મુક્તિલાભના સાધનભૂત જે યોગમાર્ગ છે તેમાં જો વસ્ત્ર વગર ખામી ન આવતી હોય તો નગ્નની મુક્તિ કેમ નહિ થાય ! આમ સુજ્ઞ માનસની અનેકાન્ત-વિચારણા હોય.

( १९ )

प्रपद्यते मुक्ति-दशां समर्थ-
शक्तिप्रयोगान्महिलापि पुंवत् ।
स्वातन्त्र्य-साम्यं प्रवदन्तमित्थं
न कः सुधीस्त्वां विनिशम्य तुष्येत् ! ॥

( २० )

शूद्रोऽपि खल्वर्हति धर्म-मार्गं
प्रयत्नयोगाल्लभते च मुक्तिम् ।
इत्थं गिरं ते महतीमुदारा-
मुदारधीः कः खलु नाभ्युपेयात् ! ॥

( २१ )

शूद्रा अनेके पुनरन्त्यजा अपि
प्राप्तास्त्वदीयं चरणं त्वयोद्धृताः ।
उपासकानां गृहिणां कृपानिधे !
मुख्या मतास्ते कृषकाश्च कुम्भकृत् ॥

(૧૯)

પુરૂષની જેમ સ્ત્રી પણ સમર્થ શક્તિ ફોરવવા વડે કરી મુક્તિદશાને પામી શકે છે. આમ સમાન સ્વાતન્ત્ર્યની તારી ઘોષણા સાંભળીને કોણ ભલી બુદ્ધિવાળો મનુષ્ય રાજી નહિ થાય !

(૨૦)

શૂદ્ર પણ ધર્મ–માર્ગને બરાબર યોગ્ય છે. અને પુરૂષાર્થ–બળથી તે પણ મુક્તિ મેળવી શકે છે. આમ તારી મહાન્ ઉદાર વાણીનો સ્વીકાર કોણ ઉદાર–મના નહિ કરશે !

(૨૧)

અનેક શૂદ્રો અને અન્ત્યજો પણ તારા ચરણે આવેલા, જેમને તેં ઉદ્ધર્યા છે. હે કૃપાનિધાન ! તારા ગૃહસ્થ ઉપાસકોમાં 'કૃષકો' અને 'કુંભાર'ને તેં અવ્વલ નમ્બરે મૂકયા છે.

( २२ )

सद्भावना जाग्रति मूर्त्तियोगाद्,
उपासकास्तं तत आश्रयन्ते ।
योगाप्रमत्तास्थिरमानसाना—
मावश्यकः स्यान्नहि मूर्त्तिवादः ॥

( २३ )

सद्भावनाजागृतिसाधनानां
मूर्त्त्यात्मकं खल्वधिकं य एकम्- ।
श्रयेद् यथाशक्ति विवेकपूर्वं
करोति नैवानुचितं स किञ्चित् ॥

( २४ )

कषायरोधाय हि मूर्त्तियोगः
समाश्रयंस्तं तमनाश्रयद्भिः- ।
सार्धं विरोधाचरणं विदध्यात्
कुतस्तदा तस्य स सार्थकः स्यात् ! ॥

(૨૨)

પરમાત્માની મૂર્ત્તિના યોગથી સદ્‌ભાવના જાગૃત થાય છે. માટે ઉપાસકો તેનો આશ્રય લે છે. યોગની અપ્રમત્ત દશામાં સ્થિર મનવાળાઓને માટે મૂર્ત્તિવાદ જરૂરી ન હોય.

(૨૩)

સદ્‌ભાવનાને જાગૃત કરવાનાં સાધનોમાં એક વધુ સાધન મૂર્તિયોગ પણ છે. તે એક વધુ સાધનનો જે યથાશક્તિ, વિવેકપુરસ્સર આશ્રય લે છે, તે શું કંઈ ગેરવ્યાજબી કરે છે ? નહિ જ.

(૨૪)

મૂર્ત્તિયોગ કષાયોના નિરોધ માટે છે. તેનો આશ્રય લેનાર તેનો આશ્રય નહિ લેનાર સાથે જો વિરોધભાવ ચલાવે તો તેના મૂર્ત્તિ-ઉપાસનની સાર્થકતા શી !

( २५ )

न कर्मकाण्डाऽऽस्पददुर्ग्रहस्याऽ
नेकान्तदर्शी ददतेऽवकाशम् ।
सर्वाः क्रियाः शुद्धिभृतः सुयोगाः
शुभावहाः, कोऽत्र सतां विरोधः ! ॥

( २६ )

साध्यं भवेत् स्पष्टतया यथार्थं
भिन्नाः पुनः साधनधर्ममार्गाः ।
तद्भेदमाश्रित्य विरोधभाव-
प्रसारिणस्त्वां नहि संविदन्ति ॥

( २७ )

न साधनानामिह कश्चिदाग्रहो
विशुद्धिमत् साधनमाददीत सत् ।
परम्परोपस्थितसाधनान्यपि
त्यजेद् भवेयुः परिदूषितानि चेत् ॥

(૨૫)

અનેકાન્તદર્શી ક્રિયાકાંડની બાબતમાં દુરાગ્રહ કે હઠયોગને અવકાશ ન આપે. દરેક ક્રિયા જો શુદ્ધિવાળી હોય અને જેમાં મન–વચન–કાયના યોગો શુદ્ધ હોય તો તે કલ્યાણકર છે. એમાં તે શાણા માણસોની તકરાર શું !

(૨૬)

મુખ્ય બાબત એ છે કે, શુદ્ધ સાધ્ય બરાબર સ્પષ્ટ હોવું જોઇએ. સાધનધર્મના માર્ગો તો હમેશાં જુદા જુદા હોય. સાધન–માર્ગોના ભેદો પર વિરોધ-ભાવ પ્રસારનારા, હે ભગવન્ ! તને ઓળખતા નથી.

(૨૭)

સાધન–માર્ગોમાં કોઈ આગ્રહ નથી. જે સાધન શુદ્ધ હોય તેને ગ્રહણ કરીએ. પરમ્પરાથી ચાલ્યાં આવતાં સાધન પણ જો દેશ–કાળે અશુદ્ધ તથા દૂષિત બની ગયાં હોય તો તેનો ત્યાગજ કરવો ઘટે.

( २८ )

ज्ञाने तथैवाऽऽचरणेऽपि सुज्ञोऽ-
नेकान्तनीतिं वहते यथार्थम् ।
स एव संसंचरते पथा ते
स एव भक्तस्तव विश्वनाथ ! ॥

( २९ )

रागादिजेता भगवन् ! जिनोऽसि
बुद्धोऽसि बुद्धिं परमामुपेतः ।
कैवल्यचिद्व्यापितयाऽसि विष्णुः
शिवोऽसि कल्याणविभूतिपूर्णः ॥

( ३० )

मतान्तराणां रचनं च पोष-
आस्तां भवन्तौ भगवन् ! यदेह- ।
तदा तदान्दोलिततापशान्त्यै
विश्वस्य धर्मं न्यगदः शिवाय ॥

(૨૮)

જેમ જ્ઞાનમાં, તેમ આચરણમાં—વર્ત્તનમાં પણ સુજ્ઞ મનુષ્ય યથાર્થ રીતે અનેકાન્તનીતિ* ઉતારે છે. અને તે જ, હે વિશ્વનાથ ! તારે માર્ગે ચાલનારો છે. તે જ તારો ભક્ત છે.

(૨૯)

હે ભગવન્ ! તું રાગાદિ સર્વ દોષોનો જેતા હોઈ ‘ જિન ’ છે. પરમબુદ્ધિને પ્રાપ્ત થયેલ હોઇ ‘ બુદ્ધ ’ છે. કૈવલ્યચેતનાથી વ્યાપક હોઇ ‘વિષ્ણુ’ છે. કલ્યાણવિભૂતિમય હોઇ ‘શિવ’ છે.

(૩૦)

જ્યારે ભારતમાં અનેકાનેક મત-મતાન્તરોના વાડા બંધાતા હતા અને તેમને મજબૂત બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા, તે વખતે તે વાડાબન્દીના કલહ—કોલાહલની ઉષ્ણ જ્વાળાને શમાવવા પ્રજાના કલ્યાણ માટે તેં વિશ્વની આગળ વિશ્વધર્મ-( સાર્વભૌમ ધર્મ ) નો પ્રકાશ કર્યો છે.

---

* અનેક=અન્ત અનેકાન્ત. આત્મા અને મોહ યા આત્મા અને પાપનો યોગ એ અનેકયોગ. એ ‘ અનેક ’નો અન્ત એ ‘ અનેકાન્ત. ’ મોહ યા પાપને ખંખેરવાના ઉદ્યમે એ ‘ અનેકાન્ત ’ સધાય.

( ३१ )

रागाच्च रोषाच्च बहिर्गतोऽपि
सर्वत्र साम्यं च वहन्नपीत्थम्—।
जगद्धितं धर्ममहो ! अवोचः
शिरः किमीयं न नमेत् तवांघ्रौ ! ॥

( ३२ )

जनान् पुण्याचारान् न परमनयस्सद्गतिपदं
कृपावृष्टेर्दृष्टेरधमहृदयानप्युदधरः।
महांस्तत्त्वालोको विमलचरितं साम्यवहनं
परेयं ते भूतिर्भवतु जगतो मङ्गलकरी ! ॥

(૩૧)

રાગ અને દ્વેષથી બહાર નિકળી ગયો છતાં અને સર્વત્ર સમભાવનું જીવન છતાં એક જગત્‌ના ભલા ખાતર તેં ધર્મ-પ્રવચન કર્યું છે. અહો! દયાલુ દેવ ! કોનું શિર તારા ચરણુમાં ન નમે !

(૩૨)

તેં કેવળ ભલા માણુસોને જ સદ્‌ગતિ પર નથી ચઢાવ્યા, પણુ તારી કૃપાવૃષ્ટિભરી દૃષ્ટિથી અધમ જીવોને પણુ ઉદ્ધર્યા છે.

તારી મહાન્‌ વિભૂતિ જે મહાન્‌ તત્ત્વાલોક, ઉચ્ચ ચારિત્ર અને સામ્યવૃત્તિ, એ જગત્‌ને મંગલ-કારિણી થાઓ !

ઓં શાન્તિઃ !

